પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૨૧ | ૨૧ ઓક્ટોબર, ૨૦૨૨, શુક્રવાર; આસો વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મોદીના હસ્તે મિશન લાઈફ અભિયાનનો પ્રારંભ

## મિશન લાઈફ ક્લાઈમેટ ચેન્જની અસરથી પૃથ્વીને બચાવવા માટે શરૂ કરવામાં આવેલુ વૈશ્વિક આંદોલન છે : એસીને ૨૪ ડિગ્રીએ રાખો અને વીજળીની બચત કરો : મોદી

કેવડિયા, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસની સાથે આજે ગુરૂવારે મિશન લાઈફની શરૂઆત કરતા કહ્યુ કે તે આ ગ્રહની, ગ્રહ માટે અને ગ્રહ દ્વારા તૈયાર જીવનશૈલી છે. સાથે જ તેમણે પોતાના સંબોધનમાં એસી વાપરનારને એ પણ કહ્યુ કે જે અમુક લોકો એસીના ટેમ્પરેચરને ૧૭ કે ૧૮ ડિગ્રી સુધી રાખવાનુ પસંદ કરે છે, આનાથી પર્યાવરણ પર નકારાત્મક અસર પડે છે.









એસીનુ તાપમાન ૧૮ ડિગ્રી પર રાખવાનુ અને પછી ધાબળા ઓઢવાના, તેના બદલે તાપમાન ૨૪ ડિગ્રીએ રાખો અને વિજળીની બચત કરો તે જ શ્રેષ્ઠ છે. તેમણે એ પણ કહ્યુ કે ક્લાઈમેન્ટ ચેન્જને સરકારી નીતિનો વિષય બનાવી દેવાયો છે પરંતુ નીતિ નિર્માણથી દૂર જવાની જરૂર છે.

કેવડિયામાં પીએમ મોદીએ એક કાર્યક્રમ દરમિયાન કહ્યુ કે મિશન લાઈફ ક્લાઈમેટ ચેન્જની અસરથી પૃથ્વીને બચાવવા માટે

● અનુસંધાન પાન-૭ પર

## ખડગેને સોનિયા ગાંધીએ મળવાનો સમય ન આપ્યો

નવી દિલ્હી, તા.૨૦

કોંગ્રેસ માટે બુધવારનો દિવસ ખૂબ જ મહત્વનો રહ્યો. એક તરફ જ્યાં ૨ દાયકા કરતા વધારે સમય બાદ પાર્ટીને ગાંધી પરિવાર સિવાયના અધ્યક્ષ મળ્યા. અધ્યક્ષ પદની ચૂંટણી જીત્યા બાદ મલ્લિકાર્જુન ખડગેએ સોનિયા ગાંધી સાથે મુલાકાત માટે સમય માગ્યો હતો જે તેમને ના મળ્યો.

મીડિયા રિપોર્ટ અનુસાર અધ્યક્ષ પદના પરિણામ જાહેર થતા જ ખડગે ૧૦ જનપથ એટલે કે સોનિયા ગાંધીને મળવા માગતા હતા. જોકે આવુ થયુ નહીં. રિપોર્ટ અનુસાર તેમને એપોઈન્ટમેન્ટ મળી નહીં.

# બ્રિટનના પ્રધાનમંત્રી લિઝ ટ્રસનું અંતે રાજીનામું

## લિઝ ટ્રેસ માત્ર ૬ સપ્તાહ પદ પર રહ્યાં : બ્રિટનમાં સત્તા સંભાળ્યા બાદ સરકાર સવાલોના ઘેરામાં હતી

લંડન, તા.૨૦

બ્રિટનના પ્રધાનમંત્રી લિઝ ટ્રસે રાજીનામું આપી દીધું છે. તે આગામી પ્રધાનમંત્રીની પસંદગી થવા સુધી પદ પર બન્યા રહેશે. નોંધનીય છે કે લિઝ ટ્રસે થોડા સમય પહેલા બ્રિટનની ખુરશી સંભાળી હતી. તેમની સરકારમાં અર્થવ્યવસ્થાના કુપ્રબંધનને કારણે પાર્ટીમાં બળવો શરૂ થઈ ગયો હતો. છેલ્લા એક સપ્તાહમાં ટ્રસના બે મંત્રીઓએ પણ



રાજીનામા આપી દીધા હતા. લિઝ ટ્રસ ૪૫ દિવસ બ્રિટનના પીએમ પદે રહ્યાં છે.

વેસ્ટમિંસ્ટરમાં ચાલી રહેલી રાજકીય ઉથલ-પાછલ વચ્ચે તે જોવા મળ્યું કે કંઝર્વેવિટ પાર્ટીના સભ્ય, લિઝ ટ્રસને નેતા ચૂંટવાના સપ્ટેમ્બરના પોતાના નિર્ણયને લઈને અફસોસ કરી રહ્યાં છે.

ગયા મહિને, સરકારે એક આર્થિક યોજના રજૂ કરી હતી, જે નિષ્ફળ થવાથી આર્થિક ઉથલપાથલ અને રાજકીય સંકટ સર્જાયું છે. આ પછી, નાણામંત્રી બદલવા સિવાય, ટ્રસને તેમની ઘણી નીતિઓ બદલવી પડી હતી. તે જ સમયે, તેમના કાર્યકાળ દરમિયાન સત્તારૂઢ કન્ઝર્વેટિવ પાર્ટીમાં અનુશાસનહીનતા પણ જોવા મળી હતી.

### લિઝ ટ્રસ અને બ્રિટન સાથે જોડાયેલા કેટલાક તથ્યો

- ૪૬ વર્ષના લિઝ ટ્રસનું પૂરુ નામ એલિઝાબેથ મૈરી ટ્રસ છે.
- વર્ષ ૧૯૮૩માં તેમણે એક અભિનયમાં તેમની રાજનેતા બનવાની ઈચ્છા નજર આવી હતી, તેમણે પોતાની સ્કૂલના એક નાટકમાં પીએમ માર્ગ્રેટ થૈચરનો રોલ પ્લે કર્યો હતો.
- દેશના બીજા વિદેશ મંત્રી બન્યા હતા, તેના ૧૫ વર્ષ પહેલા લેબર પાર્ટીના માર્ગ્રેટ બૈકેટ વિદેશ મંત્રી બન્યા હતા.

## જમ્મુમાં ભારે હિમવર્ષા

શ્રીનગર, તા.૨૦

દક્ષિણ કાશ્મીરના શોપિયાં સાથે પુંછ અને રાજૌરીના સરહદી જિલ્લાઓને જોડતો મુઘલ માર્ગ ગુરુવારે જમ્મુના ઊંચા વિસ્તારોમાં ભારે હિમવર્ષાને કારણે બંધ થઈ ગયો છે. અધિકારીઓએ જણાવ્યું કે બુધવાર રાતથી ડોડા, કિશ્તવાડ, રાજૌરી, રિયાસી, પૂંચ, રામબન અને કઠુઆ જિલ્લાના ઘણા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે. રાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

નાયબ પોલીસ અધિક્ષક (રાજૌરી-પુંચ રેન્જ) આફતાબ બુખારીએ જણાવ્યું હતું કે, "ભારે હિમવર્ષાને કારણે મુગલ રોડ પરનો ટ્રાફિક સસ્પેન્ડ કરવામાં આવ્યો છે."

## કાશ્મીર ખીણમાં ૬૦૦થી વધુ હાઈબ્રિડ આતંકવાદી સક્રિય

શ્રીનગર, તા.૨૦

કાશ્મીર ખીણમાં પ્રવાસી મજૂરો અને કાશ્મીરી પંડિતોના ટાર્ગેટ કિલિંગને લઈને મોટો ખુલાસો થયો છે. કાશ્મીર ખીણમાં સક્રિય હાઈબ્રિડ આતંકવાદીઓ અને વિદેશી આતંકવાદીઓ વચ્ચેનું કનેક્શન સામે આવ્યું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે કાશ્મીર ખીણમાં હાલમાં ૬૦૦થી પણ વધુ હાઈબ્રિડ આતંકવાદીઓ સક્રિય છે. વિદેશી આતંકવાદીઓ આ હાઈબ્રિડ આતંકવાદીઓની મદદ કરી રહ્યા છે. તેમનો ઉદ્દેશ્ય પરપ્રાંતિય મજૂરો અને પંડિતોને ટાર્ગેટ કરીને ખીણમાં દહેશત ફેલાવી રહ્યા છે. સુરક્ષા દળો અને કાશ્મીર પોલીસ સતત આતંકવાદીઓની યોજનાને નિષ્ફળ બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## સ્વચ્છ હવામાં શ્વાસ લેવા દો, મીઠાઈઓ ઉપર ખર્ચ કરો

### દિલ્હીમાં ફટાકડાના ઉપયોગ પર સુપ્રીમનું કડક વલણ ભાજપના નેતા મનોજ તિવારીએ ફટાકડા પર પ્રતિબંધ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી

નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ વિરુદ્ધની અરજી પર સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે લોકોને સ્વચ્છ હવામાં શ્વાસ લેવાની છૂટ આપવી જોઈએ. ફટાકડાથી બચેલા પૈસા મીઠાઈ પાછળ ખર્ચવા જોઈએ. ભાજપના નેતા મનોજ તિવારીએ ફટાકડા પર પ્રતિબંધ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેના પર તેમણે દિવાળીના તહેવારને કારણે વહેલી સુનાવણી કરવાની માગ કરી હતી. કોર્ટે તેનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. જણાવી દઈએ કે મનોજ તિવારીએ ૨૩ સપ્ટેમ્બરે સુપ્રીમ કોર્ટમાં આ અરજી દાખલ કરી હતી.

અરજીમાં એવી દલીલ કરવામાં આવી છે કે જીવનના અધિકારના બહાને ધાર્મિક સ્વતંત્રતા સાથે ચેડા કરી શકાય નહીં. મનોજ તિવારીએ સુપ્રીમ કોર્ટમાં દિવાળી પર ફટાકડા ફોડવા અને વેચવા સંબંધિત નિયમો માટે નવી માર્ગદર્શિકા જાહેર કરવાની અપીલ કરી હતી. તિવારીએ આ અરજીમાં એવી પણ અપીલ કરી હતી કે જે લોકો ફટાકડા વેચે છે અથવા તેનો ઉપયોગ કરી રહ્યા છે તેના પર હ્લૈંઈ જેવી શિક્ષાત્મક કાર્યવાહી ન કરવી જોઈએ. આ માટે સુપ્રીમ કોર્ટે પણ નિર્દેશ જાહેર કરવા જોઈએ. દિલ્હીમાં ૨૦૨૦થી દિવાળી પર ફટાકડાના વેચાણ અને ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. હરિયાણા પણ આ મામલે પાછળ નથી. ગત વર્ષે ૧૪ જિલ્લામાં ફટાકડાના ઉપયોગ અને વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. દિલ્હીમાં ફટાકડા ફોડનાર વ્યક્તિને ૬ મહિનાની જેલ અથવા ૨૦૦ રૂપિયાનો દંડ થઈ શકે છે. દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યું હતું કે જો કોઈ દિલ્હીમાં ફટાકડા બનાવતા, સ્ટોર કરતા અથવા વેચતા પકડાશે તો તેની સામે એક્સપ્લોઝિવ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. જેમાં તેના પર ૫ હજાર સુધીનો દંડ અને ૩ વર્ષ સુધીની કેદની જોગવાઈ છે.

# યુક્રેનમાં રહેલા ભારતીયો તાત્કાલિક યુક્રેન છોડે : ભારત

## યુરોપિયન દેશોને ડર છે કે પુતિન સ્થાનિક રહેવાસીઓને બહાર કાઢ્યા પછી ઓછી ક્ષમતાના પરમાણુ બોમ્બનો ઉપયોગ કરી શકે છે

મોસ્કો,તા.૨૦

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન સાથે જોડાયેલા ચાર પ્રદેશોમાં માર્શલ લૉ લગાવી દીધો છે. તેમણે આજે બપોરે આ આદેશ સંબંધિત હુકમનામું પર હસ્તાક્ષર કર્યા છે. યુક્રેનિયન દળો રશિયાના કબજા હેઠળના ડોનેસ્ક, લુહાન્સ્ક, ઝાપોરિઝહ્યા અને ખેરસાન વિસ્તારોમાં ઝડપથી આગળ વધી રહ્યા છે. રશિયામાં બળજબરીથી સમાવિષ્ટ કરાયેલા આ ચાર પ્રદેશોમાંથી મોટા ભાગના પ્રદેશ પર યુક્રેને ફરીથી કબજો જમાવી લીધો છે. દરમિયાન પુતિનના નિર્ણયને પૂર્વ યુક્રેનમાં રશિયા માટે નિર્ણાયક પગલા તરીકે જોવામાં આવી રહ્યો છે. રશિયાના કબજા હેઠળના ખેરસાનમાંથી નાગરિકોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. રશિયા દ્વારા સમર્થિત સ્થાનિક સત્તાવાળાઓ દાવો કરે છે કે લોકોને યુક્રેન સેનાના હુમલાથી બચાવવા માટે સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. જો કે યુરોપિયન દેશોને ડર છે કે પુતિન સ્થાનિક રહેવાસીઓને બહાર કાઢ્યા પછી ઓછી ક્ષમતાના પરમાણુ બોમ્બનો ઉપયોગ કરી શકે છે. બીજી તરફ ભારત સરકારે પણ યુક્રેનમાં રહેલા ભારતીય નાગરિકોને તાત્કાલિક યુક્રેન છોડી દેવાની સલાહ આપી છે. પુતિને કહ્યું કે મેં રશિયન ફેડરેશનના આ ચાર પ્રદેશોમાં માર્શલ લો લાદતા દરેક હુકમ નામા પર હસ્તાક્ષર કર્યા છે. તે તરત જ ફેડરેશન કાઉન્સિલને મંજૂરી માટે મોકલવામાં આવશે અને રાજ્ય ડુમાને નિર્ણયની જાણ કરવામાં આવશે. રશિયન સંસદ ડુમા તરીકે ઓળખાય છે. સુરક્ષા પરિષદના સભ્યો સાથે ટેલિવિઝન વાર્તાલાપ દરમિયાન પુતિને યુક્રેનના કબજા હેઠળના પ્રદેશોમાં રશિયન સહાય વધારવા માટે વડાપ્રધાન મિખાઈલ મિશુસ્ટિન હેઠળ વિશેષ સંકલન પરિષદની સ્થાપનાનો પણ નિર્દેશ કર્યો હતો. આ સમિતિ રશિયા દ્વારા ડોનેસ્ક, લુહાન્સ્ક, ઝાપોરિઝહ્યા અને ખેરસાનમાં આપવામાં આવતી સહાયની દેખરેખ રાખશે. ભારતીય દૂતાવાસે બુધવારે એક એડવાઈઝરી જાહેર કરીને ભારતીય નાગરિકોને શક્ય તેટલી

● અનુસંધાન પાન-૭ પર







